જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૧/૨૦૧૪ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૮૧૫/૧૪**

## મધ્યપ્રદેશ રાજયના દુષ્કર્મના ગુનામાં નાસતા ફરતા એક ઇસમને ઝબ્બે કરતી એસ.ઓ.જી. અમદાવાદ શહેર.

મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા સારુ સુચના કરેલ. જે અનુસંધાને અમદાવાદ શહેર વિસ્તારમાં હેડ કોન્સ. ગોપાલસિંહ વજેસિંહ નાઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા સરસપુર હરીભાઇ ગોદાણી દવાખાનાં આગળ આવતા સાથેના હેડ કોન્સ. સવજીભાઇ નાગજીભાઇ તથા પો.કોન્સ. ગીરવતસિંહ જેઠુસિંહ નાઓએ સંયુક્ત બાતમી હકીકત આપેલ કે, “ એક ઇસમ નામે મનોજ ઉર્ફે ભક્કુ પટેલ રહે, હાલ પઠાણની ચાલી, ગોમતીપુર, અમદાવાદ તથા મુળ ગામ લાલપુર જી.સતના, મધ્યપ્રદેશ નાનો કે જેણે શરીરે સફેદ કલરનું ટી-શર્ટ તથા વાદળી કલરનુ જીન્સ પેન્ટ પહેરેલ છે. તે ઇસમ મધ્યપ્રદેશ જી.સતના ખાતે અમરપાટન પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.ન. ૪૬૩/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૬(ડી), ૩(૧), ૧૨/૩(૨), ૫ તથા એસ.સી., એસ.ટી. એક્ટ ૩/૪ ના ગુન્હામાં સંડોવાયેલ હોય અને પોતાની ધરપકડ ટાળવાસારુ પોતાના વતનમાંથી અત્રે અમદાવાદ પોતાના પિતાજીને ત્યાં આવી ગયેલ છે અને અત્રે વખતે સરસપુર આંબેડ્કર હોલ તરફથી ચાલતો આવી અત્રે થઇ ગોમતીપુર તરફ જવાનો છે“ જે હકીકત આધારે મનોજ ઉર્ફે ભક્કુ s/o રામાધાર પટેલ(કુર્મી) ઉવ.૨૦ રહે, હાલ પઠાણની ચાલી, ગોમતીપુર, અમદાવાદ તથા મુળ ગામ લાલપુર જી.સતના, મધ્યપ્રદેશ નાનો મળી આવેલ. સદરી ઈસમને અમરપાટન પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.ન. ૪૬૩/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૬(ડી) વિગેરેના કામે પુછતાં તેણે જણાવેલ કે, પોતે આ ગુનો કરી અમદાવાદ પોતાના પિતાજીને ત્યાં આવી ગયેલાની હકીકત જણાવેલ. જેથી સદરીને આજરોજ તા.૧૭/૧૧/૧૪ ના કલાક ૧૬/૦૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) એ મુજબ અટક કરવામાં આવેલ છે. અને આગળની તપાસ મધ્યપ્રદેશ જી.સતના અમરપાટન પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવામાં આવેલ છે.

## <u>ચોરીના બાઈક સાથે કિશોરની ધરપકડ કરતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ.</u>

ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર ના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી એ.કે. શર્માઁ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનેલ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના અધિકારી શ્રીઓને સુચના કરેલ તે અનુસંધાને મદદનીશ પોલીશ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી નાઓના માર્ગઁદશન અને સુપરવિઝન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.એસ. રઘુવંશી નાઓના સ્કોર્ડઁ અધિકારી શ્રી એ.એસ.આઇ. શ્રી જગજીતસિંહ રઘુનાથસિંહ તથા માણસો તા.૧૬/૧૧/૧૪ ના રોજ અમદાવાદ શહેર માં પેટ્રોલીંગ દરમિયાન બાતમી આધારે જમાલપુર ચાર રસ્તા પાસે થી કાયદા ના સંઘર્ષઁ માં આવેલ કિશોર. પાસેથી શાહ આલમ વિસ્તાર માંથી મોટી રાત્રે ચોરી કરેલ બે હોન્ડા કંપની ની મોટર સાયકલ (1) જી.જે.૨૭-ઇ-૭૯૭૧ (2) જી.જે-૦૧-એમ.એસ.-૬૧૬૩ ની વેચાણ કરવા જતા પકડાયેલ છે. અને આ મોટર સાયક્લો અંગે વધુ તપાસ સારૂ ઇસનપુર પોલીસ ને જાણ કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.